અપીલ અરજી નં.૧૧૪ તા.૩૧–૭–૦૮

અરજદારઃ શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરી
સામાવાળા:(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય)
(૨) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષયઃ–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરીની તા.૧૮–૬–૦૮ ની અરજીથી સૈયદપુરા પ્રણામી મંદિર પાસે આવેલ જુની શાળા નં.૧૧૧,૧૧૨ ૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કતનો ન.પ્રા.શિ.સ ધ્વારા સુપ્રત કરેલ કબ્જાના અનુસંધાને તા.૪–૮–૦૭ ની અરજી બાબતે કરેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૪/૦૮–૦૯

શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરીની તા.૧૮–૬–૦૮ ની અરજીથી સૈયદપુરા પ્રણામી મંદિર પાસે આવેલ જુની શાળા નં.૧૧૧,૧૧૨ ૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કતનો ન.પ્રા.શિ.સ ધ્વારા સુપ્રત કરેલ કબ્જાના અનુસંધાને તા.૪–૮–૦૭ ની અરજી બાબતે કરેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી આપવા બાબતે પ્રતિભાવ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર તથા વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૯ તા.૮–૮–૦૮ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય) કક્ષાએથી ન.મ.પુ./આરટીઆઈ/૬ તા.૧૪–૮–૦૮ અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/આ.નં.૬૩૫ તા.૩૦–૮–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે અપીલ અરજીમાં તેમના મુળ અરજીથી માંગેલ માહિતી અંગે કોઈ પ્રતિભાવ નહીં મળતાં અપીલ અરજી કરેલ છે. ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય) કક્ષાએથી આપેલ પૂરક માહિતીમાં મિલ્કતનો કબ્જો સેન્ટ્રલ ઝોનમાં પડતો હોઈ તમામ પેપરો અને માહિતી સેન્ટ્રલ ઝોનમાં તબદીલ કરેલ છે. તેવી અરજદારને પાઠવેલ પત્રની નકલ ન.મ.પુ./જા.નં.૫ તા.૧૫–૭–૦૮ થી રજુ કરેલ છે. સે.ઝોન તરફથી જણાવ્યા અનુસાર સેન્ટ્રલ ઝોન/એન્જી./આ.નં.૨૪૦૭ તા.૨૯–૮–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે)ને મિલ્કતનો કબ્જો તેના મુળ માલિકને પરભારે પરત કરવા ઘટતી કાર્યવાહી અર્થે પરત કરેલ છે. બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અત્રે મોકલેલ વિગતો જોતાં અરજદારે તા.૪–૮–૦૭ ની મ્યુ.કમિશ્નરશ્રીને સંબોધીને કરેલ અરજી યુસીડી/આઈસીડીએસ/કવિ નર્મદ લાયબ્રેરીને મોકલેલ છે. જે નર્મદ લાયબ્રેરી ખાતે ઈનવર્ડ નં.૧૭૫ તા.૪–૨–૦૭ થી ઈનવર્ડ થયેલ જણાયેલ છે. જયારે સ ે.ઝોન તરફથી મોકલેલ માહિતી જોતાં અરજદારની સદર અરજી પર ગ્રંથપાલ ધ્વારા તા.૨૬–૧૦–૦૭ ના રોજ રીપોર્ટ કરી કાર્યવાહી માટે મુકેલ જે તા.૧૦–૩–૦૮ ના રોજ આસી.કમિશ્નરને મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર યોગ્ય કાર્યવાહી અર્થે મોકલેલ જણાયેલ છે. ત્યાર પછીના પત્ર વ્યવહાર યુસીડી અને નર્મદ પુસ્તકાલય વચ્ચે આસી.મ્યુ.કમિશ્નર,ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને ડે.મ્યુ.કમિશ્નર (સ્પે) વચ્ચે થયેલા જણાય છે તેમ છતાં બંનેમાંથી એક પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તેઓની અરજી બાબતે થયેલી કાર્યવાહીની વિગતો પૂરી પાડવા પ્રયત્ન કરવામાં આવેલ નથી એટલું જ નહીં પરંતુ અપીલ અરજી બાદ પણ માંગેલ માહિતી પૂરી પાડવાના બદલે આસી.કમિશ્નરશ્રી કક્ષાએથી કાર્યવાહીના હેતુ સારું ડે.કમિશ્નર (સ્પે) ને તા.૨૯–૮–૦૮ ના રોજ પરત કરેલ છે. અરજદારે થયેલ કાર્યવાહીની નકલો સહિત માંગેલ છે અને એક પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા તે પૂરી પાડવા અપવાદ હેઠળ ઈન્કાર કરતી કોઈ વિગતો રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૬–૦૮ ની અરજીથી તા.૪–૮–૦૭ ના પત્ર તેમની અરજી બાબતે કરેલ કાર્યવાહીની વિગતોની માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. જે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમ ની જોગવાઈઓને અનુસરી તેઓ બંને કક્ષાએ થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી દફતરી માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડે.કમિશ્નર (સ્પે) ને કવિનર્મદ પુસ્તકાલયને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય) તથા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન...... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી સૈયદ જાફર સૈયદ ઝૈન કાદરી,